# ભારતીય અર્થતંત્રમાં ધીમી ગતિ મૂડિઝે રેટિંગ નેગેટિવ કર્યું

ન્યુ દિલ્હી,તા.૮

ક્રેડિટ રેટિંગ એજન્સી મૂડીઝ ઈન્વેસ્ટર્સ સર્વિસે ભારતની નબળી પડી રહેલી આર્થિક પરિસ્થિતિને જોતાં ભારતના રેટિંગમાં જોરદાર ફેરફાર કર્યો હતો અને ભારતીય આર્થિક પરિસ્થિતિને સ્થિરમાંથી પલટાવીને નકારાત્મક જાહેર કરી હતી.

કોર્પોરેટ ટેક્સમાં ઘટાડો તેમજ જીડીપી ગ્રોથની ધીમી ગતિને જોતા મૂડીઝના અંદાજ મુજબ માર્ચ ૨૦૨૦માં સમાપ્ત થનાર નાણાકીય વર્ષ દરમિયાન બજેટ ખાધ જીડીપીના ૩.૭ ટકા રહી શકે છે. સરકારે બજેટ ખાધનો અંદાજ ૩.૩ ટકા રાખ્યો છે. ઓક્ટોબર ૨૦૧૯માં મૂડીઝે ૨૦૧૯-૨૦માં જીડીપી ગ્રોથનો અંદાજ ઘટાડીને ૫.૮ ટકા કર્યો હતો, જે અગાઉ ૬.૨ ટકા મુકવામાં આવ્યો હતો.

રેટિંગ એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'મૂડીઝે ભારતીય અર્થતંત્રના ગ્રોથ સાથે સંલગ્ન જોખમોને જોતા રેટિંગમાં ઘટાડો કર્યો છે. સ્પષ્ટ છે કે અગાઉની તુલનાએ અર્થતંત્ર ધીમી ગતિએ આગળ વધી રહ્યું છે, જેનું મુખ્ય કારણ સરકારી નીતિઓ ઓછી અસરકર્તા હોવાનું છે. મૂડીઝના અનુમાન મુજબ ઋણનું ભારણ ધીરે-ધીરે વધી શકે છે.'

મૂડીઝે બીએએ-૨ રેટિંગની પુષ્ટિ કરતાં એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે અત્યંત ધીમી અર્થવ્યવસ્થા જોખમ ભરેલી છે. ભૂતકાળની તુલનાએ આ સંજોગોમાં આર્થિક વિકાસ ઓછો થશે. દેવું વધશે અને લાંબા સમય સુધી આર્થિક મંદી સહન કરતાં રહેવું પડશે.

અત્રે એ નોંધનીય છે કે હાલની નરેન્દ્ર મોદી સરકાર ૨૦૨૫ સુધીમાં ૫ ટ્રિલિયનના લક્ષ્યને સિદ્ધ કરવા કટિબદ્ધ છે અને જીડીપી ગ્રોથ વધારવા માગે છે ત્યારે દુનિયાભરની રેટિંગ એજન્સીઓ ભારતના જીડીપી ગ્રોથના અનુમાનને ઘટાડી રહી છે. મૂડીઝના મતે સરકારે લીધેલા પગલાંથી ઈકોનોમી પર સકારાત્મક અસર થવી જોઈએ અને સુસ્તીનો ગાળો ઘટવો જોઈએ. ગ્રામીણ પરિવારોના લાંબા આર્થિક સંકટ, રોજગારની ઓછી તક અને એનબીએફસીના નાણાકીય સંકટને લીધે લાંબા સમય સુધી સુસ્તી રહેવાની સંભાવના છે.

મૂડીઝે વધુમાં ઉમેર્યું કે, 'વ્યાપારમાં રોકાણ તેમજ વૃદ્ધિ વધારવા માટે સુધારા તેમજ ટેક્સનો પાયો વ્યાપક બનવાની સંભાવના ઘટી ગઈ છે. એપ્રિલથી જૂનના ત્રિમાસમાં ભારતની આર્થિક વૃદ્ધિ પાંચ ટકા રહી હતી. ૨૦૧૩ પછી આ સૌથી નીચો દર છે. નબળી માંગ અને સરકારી ખર્ચમાં ઘટાડાથી ગ્રોથ ઘટ્યો છે. જેને પગલે રિઝર્વ બેંકે અનેક વખત વ્યાજ દરમાં ઘટાડો કર્યો અને સરકારે કોર્પોરેટ ટેક્સ ઘટાડવો પડ્યો.'

સરકારે તાજેતરમાં લીધેલા પગલાં ભારતીય અર્થવ્યવસ્થામાં ધીમી વૃદ્ધિનો ગાળો તેમજ તેનો ઘેરાવ ઘટાડવામાં અસરકારક નથઈ નિવડ્યા તેમ મૂડીઝ રેટિંગનું માનવું છે. એનબએફસીના નાણા સંકટમાંથી પણ વહેલી તકે ઉગરવાની કોઈ આશા જોવા નથી મળી હતી.

# ગાંધીધામ એક્ષપ્રેસમાં મુસાફરી કરતી મહિલાની બેગની ચોરી

વડોદરા, તા.૮

ગાંધીધામ એક્ષપ્રેસમાં મુસાફરી કરતા વંદનાબેન પ્રતાપના માથા નીચે મુકેલી કોલેજ બેગ સેરવી લઈ અજાણ્યા ગઠીયો ફરાર થઈ ગયો હોવાનો બનાવ રેલવે પોલીસ મથકે નોંધાયો હતો.

મુંબઈ પાલઘર (વેસ્ટ) ગોવર્ધન સ્કુલની સામે રિધ્ધિ સિધ્ધિ બિલ્ડીંગમાં રહેતા વંદનાબેન તેજસભાઈ પ્રતાપ વસઈ રોડથી અમદાવાદ જવા નાગર કોઈલ ગાંધીધામ એક્ષપ્રેસના કોચ નં.એ૧/માં રવાના થયા હતા. પરોઢીયે વડોદરા રેલવે સ્ટેશન આવે તે પુર્વે અજાણ્યો ગઠીયો વંદનાબેન પ્રતાપના માથા નીચેથી કોલેજ બેગ સેરવી લઈ રવાના થયો હતો. બેગ ગુમ થતા થયેલી બેગ નહી મળતાં વંદનાબેન નિરાશ થયા હતા.

લેપટોપ, કોમ્પ્યુટર, ડેટાકાર્ડ, ડાયમંડ જડિત સોનાની વીંટી કાનની બુટ્ટી સોનાની બંગડી રોકડ ડેબીટ ક્રેડિટ કાર્ડ ચાર્જર સહિત અંદાજે રૂપિયા ૨.૪૨ લાખની માલમત્તા ધરાવતી કોલેજ બેગની ચોરીના બનાવ અંગે રેલવે પોલીસ મથકે ગુના દાખલ કરવામાં આવ્યો હતો.

## ધનતેરસની પુજા કર્યા પછી બનેલો બનાવ

# મકાનના કબાટમાં મુકેલા ૧૦ લાખના સોનાના પાંચ બિસ્કીટ ગુમ

વડોદરા, તા.૮

મકાનમાંથી ૫૦૦ ગ્રામ વજન ધરાવતા અને રૂપિયા ૧૦ લાખની કિંમત ધરાવતા સોનાના બિસ્કીટ (નંગ-૫) ભેદી રીતે ગુમ થતા પાણીગેટ પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

પોલીસ વર્તુળો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર આજવા રોડ શાંતિવન વિદ્યાલય પાછળ ઓમકાર સોસાયટીમાં રહેતા દેવેન્દ્ર ચિત્તે કુંઝપ્લાઝા ખાતે ઓફિસ ધરાવે છે. ગત ધનતેરસના દિવસે સોનાના બિસ્કીટ (નંગ-૫)ની પુજા વિધિ કર્યા પછી બેડરૂમના કબાટમાં સોનાના બિસ્કીટ (નંગ-૫) મુક્યા હતા. અને કબાટને તાળુ માર્યુ ન હતું કામવાળી બાઈ તરીકે સંગીતાબેન માછી (રહે. ગાયત્રીનગર, વારશીયા) છેલ્લા ૬ માસથી કામ કરવા આવે છે.

બેડરૂમના કબાટમાં મુકેલા સોનાના બિસ્કીટ (નંગ-૫) ભેદી રીતે ગુમ થયા હતા. આથી દેવેન્દ્ર ચિતેએ ઘરના સભ્યોની પુછપરછ હાથ ધરી હતી. તેમ છતાં ભેદી રીતે ગુમ થયેલા સોનાના બિસ્કીટ અંગે કોઈ સગડ મળ્યા ન હતા. કામવાળી બાઈ સંગીતાબેન માછીની પુછપરછ કરવામાં આવી હતી. કામવાળી બાઈ સંગીતાબેન માછીએ સોનાના બિસ્કીટ સેરવી લીધા હોવાની વાતનો અસ્વિકાર કર્યો હતો. પરિવારના અન્ય સભ્યોની પુછપરછ હાથ ધરવામાં આવી હતી. પરંતુ કોઈ સંતોષકારક જવાબ મળ્યો ન હતો. પાણીગેટ પોલીસ મથકે ચોરીના બનાવ અંગે ગુના દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસે કામવાળી બાઈ તથા પરિવારના સભ્યોની પુછપરછનો દોરશરૂ કર્યો હોવાનું જાણવા મળ્યું હતું.

# મકાનમાંથી વિદેશી શરાબનો જથ્થો મળ્યો : બેની ધરપકડ કરાઈ

વડોદરા, તા.૮

આજવા રોડ સયાજીપાર્ક પાછળ શુભલક્ષ્મી સોસાયટીમાં રહેતી રોહીત ઠાકોર વિદેશી શરાબનો ધંધો કરતો હોવાની મળેલી બાતમીના આધારે પોલીસે ઓચિંતો દરોડો પાડી વિદેશી શરાબનો જથ્થો મળી આવતા તે કબ્જે લીધો હતો.

બાપોદ પોલીસે રૂપિયા સવા બે લાખનો મુદ્દામાલ કબ્જે લીધો હતો. તેમજ નશાબંધી ધારા હેઠળ રોહીત ઠાકોર અને તેન પંદર ફૈયાઝ શેખની ધરપકડ કરી હતી. આજે આરોપીઓને અદાલત સમક્ષ રજુ કરવામાં આવશે. પોલીસ વતુળો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર આજવા રોડ સયાજી પાર્કની પાછળ શુભલક્ષ્મી સોસાયટીમાં રહેતો બુટલેગર રોહીત ઠાકોર વિદેશી શરાબની હેરાફેરીનું નેટવર્ક ધરાવે છે. તેવી મળેલી બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી. દરમિયાન બુટલેગર રોહીત ઠકોરે અંદાજે રૂપિયા બે લાખથી વધુની કિંમત ધરાવતો વિદેશી શરાબનો જથ્થો મંગાવ્યો હતો.

મકાનમાં વિદેશી શરાબનો જથ્થા સંતાડી દીધા બાદ મળેલી બાતમીના આધારે પોલીસે ઓચિતા દરોડો પાડતા વિદેશી શરાબનો જથ્થો મળી આવ્યો હતો.

## ડભોઈમાં મહા વાવાઝોડાને કારણે

# વરસાદની આગાહીના પગલે ખેડૂતોએ ડાંગરના પાકને પ્લાસ્ટીક ઢાંકયો

ડભોઈ,તા.૮

ગુજરાતમાં વિવિધ વિસ્તારોમાં મહાવાવાઝોડાને કારણે હવામાન વિભાગ દ્વારા વરસાદની આગાહી અને પવન ફૂકવાની આગાહી કરી હતી જેને પગલે ડભોઈ પંથક તા.૦૭મી ને સવારથી ધીમીધારે વરસાદ સાથે ફાવનના સુસવાટા શરૂ થયા હતા. જેને પગલે ખેડૂતોમાં નાસ ભાગ મચી જવા પામી હતી અને ડાંગર જેવા પાકોનો જે ખેતરોમાં પોતાના પાકને બચાવવા પ્રયાસ સાથે પ્લાસ્ટીક ઢાંકી દીધા હતા.

કમોસમી વરસાદ અને મહા વાવાઝોડાને કારણે પડેલા વરસાદને પગલે ખેડૂતોને ભારે ખેતીમાં ભારે નૂકસાનની ભીતી સેવાઈ રહી છે. ગુજરાત નજીક સમુદ્રમાં મહાવાવાઝોડાનું સંકટ આવ્યું હતું જેની અશર ડભોઈ પંથકમાં પણ જોવા મળી હતી. હવામાન વિભાગની આગાહી પ્રમાણે તાલુકા પંથકમાં વહેલી સવારથી જ વરસાદ અને પવનના સુસવાટા શરૂ થઈ ગયા હતા.

જેને પગલે ડભોઈ પંથકના વઢવાણા, અકોટાદર, પણસોલી, સહિતના ગામોમાં ડાંગરની ખેતીનો જે ખેડૂતોના ખેતરમાં ઉતારો આવી ગયો છે તેમના પર સંકટનું વાવાઝોડું ફરી વડયું હતું.

પંથકમાં ધીમી ધારે વરસાદ શરૂ થતાંની સાથે ડાંગરના ખેડૂતોમાં ભાગદળ મચી જવા પામી હતી. પોતાના પાકને કોઈ નૂકસાન ન થાય તે માટે મોટા મોટા પ્લાસ્ટીકનો સહારો લઈ પાકને ઢાંકવા પ્રયાસો હાથ ધરાયા હતા. સાથે જે ખેડૂતોનો હવે પાકનો ઉતારો બકી છે.

તેમનામાં પાક નિષ્ફળ જવાનો ભય પણ સેવાઈ રહયું છે.

# મિક્સ્ડ માર્શલ આર્ટ્સની વિશ્વસ્પર્ધામાં વડોદરાનાં ત્રણ ખેલાડીઓ ભાગ લેશે

**વડોદરા**,તા.૮

વિકાસ સ્પોર્ટ્સ અને ચેરીટેબલ ટ્રસ્ટ ગોત્રી, વડોદરા દ્વારા એમએમએ એસોસિએશન ઓફ ગુજરાતના છોકરાઓ અને છોકરીઓને મિક્સ્ડ માર્શલની તાલીમ આપવામાં આવી રહી છે. એમએમએ એસોસિએશન ઓફ ગુજરાતના પી.એમ.એસ. ટેર બબલૂ સાવંત દ્વારા મિક્સ માર્સલ આર્ટસની તાલીમ આપવામાં આવે છે.તાલીમ લઈ રહેલા ફાઈટરોએ ઓગસ્ટ ૨૦૧૯માં બેંગલુરુમાં યોજાયેલી રાષ્ટ્રીય ચેમ્પિયનશિપમાં ભાગ લઈ ખુશી ગોહેલ (૭૦.૩ કિગ્રા), આકાશ પાઉલકર (૫૨ કિલો)અને જેસલ પરમારે ૬૧.૨ કિગ્રા કેટેગરીમાં ૩ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા હતા.જેમાં આકાશ પાલકરે ૫૨ કિગ્રા કેટેગરીમાં માત્ર ૧૦ સેકન્ડમાં વિપક્ષ ખેલાડીને પછાડીને ભારતીય ઈતિહાસ રચ્યો હતો, તે સૌથી ઝડપી પછાડ તેમનો હતો. આમ તેણે ભારતનો સૌથી ઝડપી નોકઆઉટ બનાવ્યો હતો જ તેમનો રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો હતો.

આ ઉત્તમ પ્રદર્શનના આધારે બહેરીન ખાતે ૧૦ નવેમ્બરથી ૧૭ નવેમ્બર દરમિયાન યોજાનારી એમએમએ વર્લ્ડ ચેમ્પિયનશિપ માટે ખુશી ગોહેલ (૭૦.૩ કિગ્રા)અને આકાશ પાઉલકર (૫૨ કિલો) તથા જેસલ પરમાર ૬૧.૨ કિગ્રા કેટેગરીમાં પસંદગી કરવામાં આવી છે.

વિકાસ સ્પોર્ટ્સ અને ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ એમએમએ એસોસિએશન ઓફ ગુજરાત માટે ગૌરવની વાત છે કે ગુજરાતના આ ૩ વિદ્યાર્થીઓની પસંદગી ભારતના ૧૧ લડવૈયાઓ પૈકી કરવામાં આવી છે.વિશ્વ ચેમ્પિયનશિપ માટે ટીમ ૮ મીએ બહરીન માટે રવાના થઈ રહી છે.

આ ઉપરાંત ભાગ લેનાર ત્રેણય ખેલાડીઓનો તમામ ખર્ચ એલેમ્બિક સીએસઆર ફાઉન્ડેશન અને અમી લાઈફસાઈન્સ દ્વારા ઉઠાવવામાં આવ્યો છે.અત્રે ઉલ્લેખનીય બહેરીન ખાતે આયોજિત એમએમએ વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ગુજરાતમાંથી સૌપ્રથમ વખત મહિલા ખેલાડી ખુશી અને જેસલ ભાગ લેશે. બહેરીન ખાતે ભારતમાંથી ૧૧ ફાઈટર ચેમ્પિયનશીપમાં ભાગ લેશે. આ ઉપરાંત એમએમએ એસોસિએશન ઓફ ગુજરાતના પી.એમ.એસ. ટેર બબલૂ સાવંત પાસે તાલીમ લઈ રહેલા ફાઈટરોએ એક વર્ષના સમયગાળામાં ૧૮ ફાઈટરે જુદા જુદા ૧૮ વર્લ્ડ રેકોર્ડ પોતાને નામે કર્યા છે.

# ડભોઈમાં ટ્રાફિકના નિયમોનું કડક પાલન લાખો દંડ વસુલ કરાયો

ડભોઈ,તા.૮

સરકારના અકસ્માતોને દામવા માટે ના પ્રયાસોના ભાગરૂપ ટ્રાફિક નિયમો મે વધુ કડક બનાવાયા છે. ત્યારે ડભોઈ પોલીસ દ્વારા પણ ટ્રાફિક નિયમોનું પાલન વાહન ચાલકો કરે તે ના ઉદ્દેશ સાથે ડભોઈ પોલીસ દ્વારા શિનોર ચોકડી ખાતે ટ્રાફિક નિયમોનું ભંગ કરવા બદલ વાહન ચાલકોને દંડની વસુલાત કરવામાં આવી આશરે ૨૫ ઉપરાંત બાઈક ચાલકો પાસેથી રૂ.૨૫૦૦ જેટલો દંડ વસુલ કરવામાં આવ્યો હતો.

એક તરફ કેન્દ્ર સરકાર દ્વારા વધતાં અકસ્માતને અટકાવા માટે લોકો હેલ્મેટ, સીટબેલ્ટ, લાઈસન્સ, વીમો, પી.યુ.સી. સહિતના દસ્તાવેજા અને ટ્રાફિકના નિયમોનું પાલન કરે તે હેતુ સાથે ટ્રાફિક દંડમાં સુધારો કરી મોટો દંડ કરવામાં આવ્યો છે. જેના નવા નિયમો ગુજરાતમાં તા.૧ નવેમ્બરથી અમલમાં આવી છે આને ધ્યાનમાં રાખી ડભોઈ પોલીસ પીઆઈ જે.એમ.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ જવાનો દ્વારા ગત રોજ ડભોઈ શિનોર ચોકડી ખાતે વાહન ચાલકોને હેલ્મેટ ન પહેરવા, સીટ બેલ્ટ, લાઈસન્સ, તેમજ પીયુસી વીમો વગર વાહન ચલાવા સાથે સાથે ટ્રાફિક નિયમોનું પાલન ન કરવા બદલ ૨૫ ઉપરાંત બાઈક ચાલકો પાસેથી કુલ રૂ.૨૫૦૦ની દંડ વસલુયો હતો. પોલીસ દ્વારા કરવામાં આવેલ કડક કાર્યવાહીને પગલે વાહન ચાલકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

# ખાનગી કંપનીના પરિવારીક ભાગીદાર દ્વારા રૂા.૧૫ લાખની છેતરપીંડી

વડોદરા, તા.૮

એકજ પરિવારના કંપની માલિકના ભાગીદાર દ્વારા પરિવારના ભાગીદારની જાણ બહાર પાવર ઓફ એટર્ની અલગથી બનાવી તેના પર ભાગીદારોની ખોટી અને બોગસ સહિઓ કરી બોગસ પાવર ઓફ એટર્ની વાઘોડીયા સબ રજીસ્ટાર કચેરીમાં નોંધ કરાવી કંપનીના નામે રૂા.૧૫ લાખની લોન લેવામાં આવી હોવાનું પ્રકાશમાં આવતા પરિવારના ભાગીદાર મહિલા સદસ્યએ વાઘોડીયા પોલીસ મથકે જેઠ રાજેન્દ્રભાઈ બાબરભાઈ પટેલ તથા જેઠાણી જયોત્સાબેન રાજેન્દ્રભાઈ પટેલ વિરૂધ્ધ વિશ્વાસઘાત તેમજ છેતરપીંડીની ફરિયાદ નોંધાવી હતી.

પોલીસ સુત્રોના જણાવ્યાનુસાર વડોદરા શહેરના હરણી સંગમ પાસે આવેલ હરદ્વાર નગર સોસાયટીમાં રહેતા જેથી જેઠ રાજેન્દ્રભાઈ પટેલ તથા મારા જેઠાણી તથા હું પોતે તથા મારા પતિ જયેન્દ્રભાઈ પટેલ વાઘોડીયા જીઆઈડીસીમાં આવેલ કંપનીમાં ભાગીદાર તરીકે વર્ષ ૧૯૯૯માં સામે થયા હતા. અને કાયદેસરનો ભાગીદારી લેખ કરવામાં આવ્યો હતો.

તે બાદ જેઠ હોવાના નાતે પૂર્ણ વિશ્વાસ રાખી અમોએ કંપનીના નફા નૂકસાન અંગેની માહિતી માંગતા ન હતા. તેઓ અમને આપતા ન હતા. દરમિયાન જેઠ-જેઠાણીએ જાણ બહાર કંપનીના નામે રૂા.૧૫ લાખની લોન લીધાનું જણાય આવતા આ મામલે અનિલાબેન પટેલે વિશ્વાસઘાત તથા છેતરપીંડીની ફરિયાદ વાઘોડીયા પોલીસ મથકે નોંધાવી હતી.

## શહેરમાં શૈક્ષણિક સંસ્થાઓ ટ્યુશન ક્લાસ તથા મહિલા હોસ્ટેલની આસપાસ ઊભા રહેવા પર પ્રતિબંધ

વડોદરા તા.૮

વડોદરા શહેર પોલીસ કમિશનરે શહેરી વિસ્તારમાં આવેલ સ્કૂલ કલાસીસ તથા મહિલા હોસ્ટેલની આસપાસના ૫૦ મીટર સુધીના જાહેર માર્ગ ઉપર કોઈપણ પુરૂષોએ વ્યાજબી કારણ વગર વાહન સાથે ઊભા રહેવા કે બેસવા ઉપર એક જાહેરનામા દ્વારા પ્રતિબંધ ફરમાવ્યો છે.

# અમદાવાદીઓ માટે મોટા સમાચાર, આરટીઓ કચેરીમાં હવેથી લર્નિંગ લાયસન્સ નહીં મળે

**અમદાવાદ**,તા.૮

અમદાવાદ આરટીઓમાંથી લર્નિંગ લાયસન્સ નિકળશે નહી. કારણ કે, સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે કે લર્નિંગ લાયસન્સની કામગીરી આઈટીઆઈ સેન્ટરો પરથી કરવામાં આવશે. જેના કારણે અમદાવાદ આરટીઓમાં લર્નિંગ લયસન્સ નિકળશે નહી.હંગામી ધોરણે અમદાવાદમાં પાંચ આઈટીઆઈ સેન્ટરો પર લર્નિંગ લાયસન્સની કામગીરી શરુ કરવામાં આવી છે. લર્નિંગ લાયસન્સની અપોઈમેન્ટ પરિવહન.ગવ.ઈન પરથી લેવાની રહેશે, અને જે પણ સેન્ટર સીલેકટ કરશો ત્યાથી લર્નિંગ લાયસન્સ માટેનો ટેસ્ટ આપીને લર્નિંગ લાયસન્સ મેળવી શકશો.એઆરટીઓ એસ. એ. મોજણીદારે જણાવ્યુ હતુ કે, અમદાવાદ શહેરમાં પાંચ સેન્ટર શરુ કરવામાં આવ્યા છે. હાલમાં સરખેજ, કુબરનગર, સરસપુર, રાણીપ, અને ચાંદખેડાના પાંચ આઈટીઆઈ સેન્ટરમાંથી જ લર્નિંગ લાયસન્સ મળશે, અને અમદાવાદ આરટીઓમાંથી લર્નિંગ લાયસન્સની કામગીરી બંધ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે, પહેલા જે લોકોએ અપોઈમેન્ટ લીધેલી છે તે અરજદારોના લર્નિંગ લાયસન્સ આમદાવાદ આરટીઓ કચેરીથી નિકળશે. પરંતુ, નવી અપોઈમેન્ટ અમદાવાદ આરટીઓ કચેરીની મળશે નહી.પ્રાયોગીક ધોરણે દરેક સેન્ટરને ૨૦ અપોઈમેન્ટ આપવામાં આવી છે, એટલે કે એક દિવસના ૧૦૦ લર્નિંગ લાયસન્સ નિકળશે. ત્યારે અમદાવાદ આરટીઓમાં રોજના ૪૦૦ જેટલા લર્નિંગ લાયસન્સ નિકળતા હતા. એટલે કે જેટલી ઝડપથી લર્નિંગ લાયસન્સ મળતા હતા તેટલી ઝડપતી લર્નિંગ લાયસન્સ નહી મળે. જેના કારણે વાહન ચાલકોને મુશ્કેલી વધશે. પાંચ આઈટીઆઈ સેન્ટરને એક દિવસની એક સેન્ટરને ૨૦ અપોઈમેન્ટ આપવા માટેની પરમિશન આપી છે. જેથી ૫ સેન્ટરો પરથી આખા દિવસ દરમિયાન ૧૦૦ લોકોને જ લર્નિંગ લાયસન્સ માટેની અપોઈમેન્ટ આપી શકશે.

# ડાંગર, મકાઈ અને બાજરીની ખરીદી પ્રક્રિયા રજીસ્ટ્રેશન મુદ્દત વધારીને તા.૧૫ નવેમ્બર કરવામાં આવી

વડોદરા તા.૮

રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ માટેલઘુત્તમ ટેકાના ભાવે ખરીફ માર્કેટીંગ સીઝનમાં ડાંગર, મકાઇ અને બાજરીની ખરીદી પ્રક્રિયા શરૂ છે. ડાંગર, મકાઇ અને બાજરીની ખરીદી માટે ખેડૂતોએ તા.૩૧ ઓક્ટોબર સુધીમાં રજીસ્ટ્રેશન કરવાનુંહતુ, તે મર્યાદામાં વધારો કરી તા.૧૫ નવેમ્બર કરવામાં આવી છે. રજીસ્ટ્રેશન માત્ર એપીએમસી કેન્દ્ર ખાતે કરવામાં આવશે. સંબંધિતોને આ અંગે નોંધ લેવા ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિ.ના નાયબ જિલ્લા મેનેજર-વડોદરાની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું

# સુપ્રીમ કોર્ટના ચુકાદા પહેલા મથુરા અને અયોદયા હાઈએલર્ટ પર

નવીદિલ્હી,તા.૮

અયોધ્યા વિવાદ મામલે સુપ્રીમ કોર્ટના ચૂકાદા પહેલા મથુરા અને અયોધ્યામાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. મથુરાના એસએસપીએ એસપી અને સીઓને એલર્ટ રહેલાના આદેશ આપ્યા છે. આ ઉપરાંત તમામ ગતિવિધિ પર નજર રાખવાના આદેશ આપ્યા છે. પોલીસ શહેરમાં સીસીટીવી પર પણ બાજ નજર રાખી રહી છે. આ સાથે પોલીસને પણ સ્ટેન્ડ બાય રહેવાના આદેશ આપવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટે અયોધ્યાનો ચૂકાદો અનામત રાખ્યો છે. અને સુપ્રીમ કોર્ટ ૧૭મી નવેમ્બર પહેલા ચૂકાદો આપી શકે છે.અયોધ્યા જિલ્લાને ચાર ઝોન-રેડ, યલો, ગ્રીન અને બ્લૂમાં વહેંચવામાં આવ્યા છે. તેમાં ૪૮ સેક્ટર બનાવવામાં આવ્યા છે. યુપીમાં સરકારે ૪૭ કંપનીઓ ગોઠવી છે. જેમાં પોલીસના એક આદેશ પર ગણતરીના સમયમાં જ અયોધ્યાને કિલ્લાબંધ કરી શકાય તેવી વ્યવસ્થા વહીવટી તંત્ર દ્વારા ગોઠવાઈ છે. સરકારે પ્રોબ્લેમ્સ રોકવા માટે શંકાસ્પદ ૩૦૦૦ લોકોને નજર હેઠળ રાખ્યા છે.દરમિયાન, ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે કહ્યું હતું કે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા અમે કટિબદ્ધ છીએ.


**Can Fin Homes Ltd**
(Sponsor: CANARA BANK)
HOME LOANS • DEPOSITS
Visit us at www.canfinhomes.com

**કેન ફિન હોમ્સ લી.**
(સ્પોન્સર : કેનેરા બેંક)
CIN : L85110KA1987PLC008699
૨૩૫, બીજો માળ, કાન્હા કેપીટલ, એક્સપ્રેસ ટાવર હોટલ સામે, બરોડા હાઈસ્કુલની ગલીમાં, આર. સી. દત્ત રોડ, અલકાપુરી, વડોદરા - ૩૯૦૦૦૭. ફોન : ૦૨૬૫ ૨૯૮૯૧૩૪, મો. : ૭૬૨૫૦ ७७१३४

પરિશીષ્ટ-૪ | **પઝેશન નોટીસ** | (નિયમ ૮(૧))

(સ્થાવર મિલકત માટે)

આથી,

નીચે સહી કરનાર કેન ફિન હોમ્સ લી. ના અધિકૃત અધિકારીશ્રીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ તથા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ સાથે વંચાતી કલમ ૧૩(૧૨) અંતર્ગત આપવામાં આવેલી સત્તાની રૂએ તારીખ ૨૭.૦૮.૨૦૧૯ના રોજ **ઉધારકર્તા શ્રી આશિષ હસમુખભાઈ બુધેલીયા અને શ્રી હિતેશ હસમુખભાઈ બુધેલીયા** ને માંગણા નોટીસ જારી કરીને બાકી રકમ એકંદરે રૂ.૩,૪૮,૪૧૩/- + ૩,૦૮,૦૫૭/- = ૬,૫૬,૪૭૦/- (**રૂા. છ લાખ છપ્પન હજાર ચારસો સીત્તેર**) વત્તા ચડત વ્યાજ નોટીસમાં જણાવ્યા મુજબ સાથે કથિત નોટીસ મળ્યાના ૬૦ દિવસની અંદર ભરી જવાનો આદેશ કરવામાં આવ્યો હતો.

ઉધારકર્તા સદરહુ રકમ ચુકવવામાં નિષ્ફળ ગયા હોવાથી ઉધારકર્તા તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ની કલમ - ૧૩ ની પેટા કલમ (૪) અંતર્ગત નિયમ ૮ સાથે વંચાણે લેતાં આપેલી સત્તાની રૂએ અધોહસ્તાક્ષરીએ તા. ૦૪.૧૧.૨૦૧૯ ના રોજ નીચે જણાવેલ મિલકતનો કબજો લઇ લીધેલ છે.

ઉધારકર્તાને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકત અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ સ્થાયી મિલકત અંગે કરેલો કોઈપણ વ્યવહાર કેન ફિન હોમ્સ લી. ની રકમ એકંદરે રૂ.૩,૪૮,૪૧૩/- + ૩,૦૮,૦૫૭/- = ૬,૫૬,૪૭૦/- (**રૂા. છ લાખ છપ્પન હજાર ચારસો સીત્તેર**) વત્તા વ્યાજની રકમ નોટીસમાં જણાવ્યા મુજબના બોજા સહિત રહેશે.

"સરફેસી કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ પ્રત્યે ઉધારકર્તાનું મુકરર મિલકત છોડાવવા માટે મળવા પાત્ર સમય બાબતે ધ્યાન દોરવામાં આવે છે."

**સ્થાવર મિલકતનું વર્ણન**

રહેઠાણ લાયક મિલકત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રી. વડોદરા ગામ રાવપુરા, વિભાગ-બી ની હદમાં આવેલ ટીકકા નં. ૭/૨, આર. એસ. નં. ૧૫૪/૧ અને ૧૫૪/૨, આશરે ૧૨૫.૪૧.૯૫ અને ૧૦૪.૫૧.૬૨ સ્કે.મી. મેપ પાસ થયા પ્રમાણે "દિપ એપાર્ટમેન્ટ" રહેઠાણલાયક ફ્લેટ પૈકી ગ્રાઉન્ડ ફલોર, દક્ષીણતરફ ફ્લેટ નં. ૩, સુપર બિલ્ટઅપ એરીયા, ૫૦૦ સ્કે.ફીટ સેન્સસ નં. ૦૮-૦૭-૨૬૦-૦૦૩-૦૦૦-૦૨૧ : ખોતે અવેલ મિલકતની **ચતુરસીમા** :- પૂર્વે : આર.એસ નં. ૨૦૪ ને જોડતી મિલકત, પશ્ચિમે : કોમન પેસેજ અને સીડી, ઉત્તરે : ફ્લેટ નં. ૨ અને કોમન દિવાલ, દક્ષિણે : આર.એસ નં. ૧૫૩ ને જોડતી મિલકત.

સહી/-
અધિકૃત અધિકારી
કેનફીન હોમ્સ લી.

તારીખ : ૦૮.૧૧.૨૦૧૯
સ્થળ : વડોદરા



INEOS STYROLUTION
Driving Success. Together.

**INEOS STYROLUTION INDIA LIMITED**

**Registered Office :** 5th Floor, Ohm House-II, Ohm Business Park, Subhanpura, Vadodara - 390 023, Gujarat, India
**Corporate Identity Number (CIN) : L25200GJ1973PLC002436**
**Tel. :** +91 265 2303201, 2303202 **Fax :** +91 265 2303203
**Email :** INSTY.secshare@ineos.com | **Website :** www.ineosstyrolutionindia.com

**EXTRACT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED SEPTEMBER 30, 2019**

(INR in Lacs except EPS)

| Sr No | Particulars | Quarter ended on Sep 30, 2019 | Quarter ended on Jun 30, 2019 | Quarter ended on Sep 30, 2018 | Half Year ended on Sep 30,2019 | Half Year ended on Sep 30, 2018 | For the year ended on Mar 31, 2019 |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Total Income from Operations | 43,684.23 | 44,347.56 | 56,836.80 | 88,031.79 | 1,16,283.05 | 2,09,053.33 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax and Exceptional items) | 704.73 | 1,432.95 | 1,072.79 | 2,137.68 | 3,731.97 | (1,848.11) |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional items) | 704.73 | 1,432.95 | 1,072.79 | 2,137.68 | 3,731.97 | (1,848.11) |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional items) | 988.16 | 928.67 | 701.37 | 1,916.83 | 2,390.07 | (1,246.73) |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)] | 1,014.79 | 886.07 | 704.85 | 1,900.86 | 2,386.36 | (1,277.79) |
| 6 | Equity Share Capital | 1,758.56 | 1,758.56 | 1,758.56 | 1,758.56 | 1,758.56 | 1,758.56 |
| 7 | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year | - | - | - | - | - | 60,567.43 |
| 8 | Earnings Per Share (of Rs. 10/- each) (for continuing and discontinued operations) Basic and Diluted | 5.62 | 5.28 | 3.99 | 10.90 | 13.59 | (7.09) |

**Notes:**

(1) The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company at their respective meetings held on November 08, 2019. The audit report does not contain any qualification by the statutory auditors.

(2) The above extract of the detailed format of the financial results for the quarter and half year ended on September 30, 2019 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of these financial results are available on the Stock Exchange websites (www.bseindia.com / www.nseindia.com) and company's website (www.ineosstyrolutionindia.com.)

**For INEOS STYROLUTION INDIA LIMITED**
**Sanjiv Vasudeva**
**Managing Director and CEO**

**Place : New Delhi**
**Date : November 08, 2019**